ગાંધીનગર સમાચાર



## @ગાંધીનગર

● સેક્ટર-૨૧, શ્રી વૈજનાથ માલણેશ્વર મહાદેવ ખાતે બપોરના ૧૨ થી ૬ કલાક દરમિયાન આધાર કાર્ડનો કેમ્પ યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થાના વાવોલ સત્સંગ મંડળ દ્વારા આયોજિત ચાર્તુમાસ કથાનું એમ.બી. પટેલ સ્કુલ, વાવોલ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે પૂર્ણાહુતિ પ્રવચન યોજાશે.

# રાંદેસણમાં તસ્કરોએ રાત્રે તરખાટ મચાવ્યો

## પ્રમુખ પ્રાઇડ ફ્લેટમાં રાત્રી દરમ્યાન ચાર બંધ મકાનોનાં તાળા તોડ્યા : એક મકાનમાંથી રૂ. ૨.૪૭ લાખની મત્તાની ચોરી : અન્ય ત્રણ મકાનોમાંથી કાંઇ ન મળ્યું








ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરને અડીને આવેલા રાંદેસણ પ્રતિક મોલ પાછળ આવેલા પ્રમુખ પ્રાઇડ ફ્લેટમાં રાત્રી દરમ્યાન ત્રાટકેલા તસ્કરોએ રીતસરનો તરખાટ મચાવ્યો હતો. એક પછી એક ચાર-ચાર બંધ મકાનોનાં તાળા તસ્કરોએ તોડ્યા પરંતુ કોઇ રહિશો તો ઠીક પણ નાઇટ ડ્યુટીનાં સિક્યુરીટી ગાર્ડને પણ ખ્યાલ ન આવ્યો..!! નાઇટ પેટ્રોલીંગમાં ફરતી પોલીસને પણ આ ઘટનાથી લપડાક વાગી છે. તસ્કરોને એક મકાનમાથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ.૨.૪૭ લાખની મત્તા મળી ગઇ હતી તે મત્તા ઉપાડીને ટોળકી રફુચક્કર થઇ ગઇ હતી. આ જ ફ્લેટની સ્કીમના અન્ય બ્લોકમાં ઘુસીને અન્ય ત્રણ બંધ મકાનોના પણ નકુચા તોડ્યા હોવાનુ ધ્યાને આવ્યુ છે. પોલીસે ગુનો નોંધીને એફ.એસ.એલની મદદ લઇને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

પ્રમુખ પ્રાઇડમાં મકાન નં ઇ-૨૦૨ ખાતે રહેતા અને મધર ડેરીમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરતા જયંતિભાઇ મશોતભાઇ ચૌધરીનાં પિતા બિમાર હોવાથી છેલ્લા પખવાડીયાથી તેમને માણસા સ્થિત પોતાના ગામ અમરપુરાની અવર-જવર વધુ હોય છે. ગઇ કાલે પણ તેઓ પરિવાર સાથે ઘરને તાળુ મારીને ગામડે ગયા હતા. આજે સવારે છ વાગ્યે પરત આવ્યા તો તેમના મકાનનુ ઇંટરલોક તુટેલુ જોયુ અને ઘરમાં પડેલો સરસામાન વેરવિખેર પડેલો જોયો હતો. રાત્રી દરમ્યાન તસ્કરો તેમના ઘરને ટાર્ગેટ બનાવી ગયા હતા. મકાનમા ઘુસીને તસ્કરો સોનાનુ મંગળસુત્ર, બુટ્ટીઓ સાથેનો સેટ, ડોકિયુ, પાંચ વિંટીઓ, ચાંદીની સેરો, કંદોરો, બે મોબાઇલો અને રૂ.૪૦ હજાર રોકડા મળી ઘરમાંથી કુલ રૂ.૨.૪૭ લાખની મત્તાની ચોરી કરી તસ્કરો ફરાર થઇ ગયા હતા. કલાકમાં ખબર પડી કે માત્ર તેમના ઘરે જ નહી પરંતુ સોસાયટીમાં અન્ય ત્રણ મકાનોના પણ તાળા તુટેલા છે. સી-૧૦૩ માં રહેતી મહિલા મધુમતીબેન મુખર્જી કાશ્મીર ફરવા ગયેલી છે. તેના બંધ મકાનનો નકુચો પણ તોડીને તિજોરીઓ ફેંદી છે. ત્યા ઘરફોડીયાને તિજોરી તોડતા વાગ્યુ હોય અને લોહી નીકળ્યુ હોય તેવા લોહીના ટપકા જેવા નિશાન પણ જોવા મળ્યા હતા. તે ઉપરાંત બી બ્લોકમાં બે મકાનોનાં દરવાજાનાં નકુચા તોડીને ઘરફોડનાં પ્રયાસ કર્યા હતાં. જો કે તેમાંથી પણ કાંઇ મળ્યુ ન હતુ. બી-૨૦૨ માં રહેતા હિતેશ હરીભાઇ બોદર અને બી-૨૦૩ માં રહેતા દ્વારકેશ ઇશ્વરભાઇ રાદડીયા બંને પરિવાર સાથે ગોવા ફરવા ગયા છે. તે બંનેનાં મકાનના નકુચા તુટેલા હતા. ત્યા પડેલા લેપટોપ ચોરોએ પકડ્યા પણ લઇ ન ગયા. એફ.એસ.એલ ના ફિંગરપ્રિંટ નિષ્ણાંતને બોલાવી પોલીસે લેપટોપ પરનાં ચોરોનાં ફિંગરપ્રિંટ લીધા છે. પોલીસે જયંતિભાઇની ફરિયાદ લઇ ઉંડી તપાસ શરૂ કરી છે. સોસાયટીનાં સીસીટીવી કેમેરા પણ બંધ હોવાનુ જાણવા મળ્યુ છે.

### ચોરો સોસાયટીની પાળી કુદીને ખેતરો તરફથી ભાગી ગયા

ઘરફોડ ચોરી કરનાર શખ્સો સોસાયટીની પાછળની બાજુ ખુલ્લા ખેતરો છે તે બાજુથી આવ્યા હતા. ઉંચી પાળી કુદવા બહારની બાજુ પથ્થરો મુકીને પાળી કુદીને આવ્યા હતા. ચોરી કર્યા બાદ ચોરો તે જ માર્ગે પાળી કુદીને ખેતરો તરફથી ભાગી ગયા હોવાનુ અનુમાન છે. પોલીસનાં સ્નિફર ડોગ પણ ખેતરો તરફ ગયા હતા.

### ચોરોએ આજુબાજુનાં મકાનની બહારથી સ્ટોપર બંધ કરીને તાળા તોડયા હતા

સોસાયટીના જે-જે મકાનોનાં તાળા તુટ્યા હતા તેની આજુબાજુનાં મકાનોને બહારથી સ્ટોપર મારી દિધેલી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. ચોરી દરમ્યાન અવાજ થાય અને આસપાસના રહિશો ઉઠીને બહાર આવી જાય તો ચોરો પકડાઇ જાય. આવુ ન થાય તેની તકેદારી રાખીને ચોરોએ તાળા તોડયા હતા. તે માટે આજુબાજુના મકાનોનાં રહીશોને પુરી દિધા હતા. તેમના મકાનોને બહારથી દરવાજાને સ્ટોપર મારી દેવાઇ હતી.

### રહીશે રૂપિયા કચરાપેટીમાં સંતાડીને મુક્યા હોવાથી બચી ગયા.!!!

રાત્રે પ્રમુખ પ્રાઇડ ખાતે ઘુસેલા તસ્કરોએ ચાર મકાનોના તાળા તોડ્યા હતા. સવારે ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ તપાસ અર્થે પહોંચી ગઇ હતી. જયંતિભાઇના મકાન સિવાય અન્ય ત્રણ મકાનોના તાળા તુટ્યા હતા તે ત્રણેય રહેવાસીઓ બહાર ફરવા ગયેલા હતા. પોલીસે એક પછી એક ત્રણેયનો સંપર્ક કરીને પુછ્યુ કે તમારા ઘરનુ તાળુ તુટ્યુ છે કોઇ કિંમતી મુદ્દામાલ પડ્યો હતો? તો જવાબ મળ્યો કે ના.. કોઇ કિંમતી સામાન પડ્યો નથી. અમારે ફરિયાદ જેવુ કાંઇ કરવુ નથી. અમે ફરીને શાંતીથી આવીશુ. ત્રણ પૈકી એકે પોલીસને કહ્યુ કે આમ તો કોઈ કિંમતી સામાન નથી મુકેલો પણ ઘરમાં પડેલી કચરા પેટી માં જોવોને...૧૦ હજાર રૂપિયા અને એક મોબાઇલ અંદર પડયો છે.?? પોલીસે જોયુ તો કચરાપેટીમાં સંતાડેલા સામાન તેમ નો તેમ પડયો હતો. ચતુર રહીશે રૂપિયા કચરાપેટીમાં સંતાડીને મુક્યા હોવાથી બચી ગયા હતા.

## વાતવાતમાં

● ઈન્ફોસીટી પોલીસ દ્વારા ઘરફોડ ચોરી અંગેના ગુનામાં લેપટોપ પર એફઆઈઆર અને પંચનામું નોંધવામાં આવ્યું હતું. જયારે તમામ વિગતો ટાઈપ થઈ ગઈ ત્યારે જ અચાનક લેપટોપમાં કોઈ પ્રોબ્લેમ સર્જાતા બધું જ ટાઈપ કરેલું ડિલીટ થઈ ગયું હતું જેથી ફરીથી ટાઈપ કરવાની મથામણ હાથ ધરવી પડી હતી.

● રાજય સરકાર દ્વારા રમતગમત ક્ષેત્રે ખેલવીરો તૈયાર કરવાના ભાગરૂપે ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. જો કે આ વર્ષે ખેલ મહાકુંભમાં ભાગ લેવાની છેલ્લી તારીખ ૧૫મી સપ્ટેમ્બર સુધી મોળો પ્રતિસાદ સાંપડતા છેવટે રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ લંબાવી ૨૭મી સપ્ટેમ્બર કરવામાં આવી છે.

● શાળાકીય ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં અન્ડર-૧૪ અને અન્ડર-૧૯ બંને કેટેગરીમાં જિલ્લાના ચારેય તાલુકાની પ્રથમ ક્રમાંકની વિજેતા ટીમ તથા અન્ય એક પસંદગીની ટીમ મળીને કુલ આઠ ટીમો વચ્ચે મુકાબલા યોજાશે. મંગળવારે યોજનાર આ મુકાબલામાં મહિલા વિભાગની સ્પર્ધા ચિલોડાની ઓમ લેન્ડમાર્ક સ્કુલ ખાતે અને પુરુષ વિભાગની સ્પર્ધા ડભોડાની એચ.એમ. વિદ્યામંદિર ખાતે યોજાશે.

## પી.કે. ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓ માટે શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના અંગ્રેજી વિભાગ દ્વારા 'સરદાર સરોવર' અને 'પોઈચા' મુકામે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ સરદાર સરોવર ખાતે નર્મદા ડેમ, સરોવર તેમજ પાવર પોઈન્ટ દ્વારા વિજળી ઉત્પાદન કઈ રીતે થાય તે અંગે જ્ઞાન મેળવ્યું હતું. આ ઉપરાંત 'પોઈચા' મુકામે સ્વામિનારાયણ ધામનું ધાર્મિક તેમજ નૈતિક મૂલ્યો વધારવામાં મદદરૂપ થાય તેવું પ્રદર્શન પણ વિદ્યાર્થીનીઓએ નિહાળ્યું હતું. આ પ્રદર્શનમાં રામાયણ, મહાભારત તેમજ ભગવદગીતા આધારિત વિવિધ પ્રસંગો અને પાત્રોને આવરી લેવામાં આવ્યા છે. જે નિહાળી વિદ્યાર્થીનીઓ આનંદિત થઈ હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. ગીતાબેન અને પ્રા. નરેન્દ્રભાઈએ કર્યું હતું. કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન દ્વારા પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા ઓઝોન દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન તેમજ હેપ્પી યુથ ક્લબનાં સંયુક્ત ઉપક્રમે કોલેજ કેમ્પસ ખાતે 'સેવ ઓઝોન, સેવ લાઈફ' વિષય પર માર્ગદર્શક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના કુલ ૨૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે બી બી એ કોલેજ હંમેશા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ ની સાથે સાથે સામાજિક તેમજ પર્યાવરણ સહીત લોક ઉપયોગી મુદ્દાઓ બાબતે વિદ્યાર્થીઓને જાગૃત કરવા સતત પ્રયત્નશીલ રહે છે.




આ કાર્યક્રમમાં નિષ્ણાત વક્તા તરીકે હેમંત સુથાર ફોરેસ્ટ વિભાગ માંથી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ચાવીરૂપ માર્ગદર્શન આપ્યું હતું અને પર્યાવરણ ની જાળવણી બાબતે અગત્યના સૂચનો કર્યા હતા. સાંપ્રત સમયમાં હવામાનમાં સતત બદલાવ આવી રહ્યો છે તેમજ તેની સમગ્ર સૃષ્ટિ પર વિપરીત અસર પડી રહી છે. ઓઝોન નાં અલગ અલગ લેયર પર કેવી ખરાબ અસર પડી થાય તેની ઊંડાણ પૂર્વક વિદ્યાર્થીઓને સમજ આપી હતી. તેમણે આબોહવાને લગતા તમામ પરિબળોથી વિદ્યાર્થીઓને વાકેફ કરતા જણાવ્યું હતું કે પૃથ્વી ઉપર માનવસર્જિત 'ભૌતિકસુખ'ને વળગેલા માનવ સમુદાય ને આવનારા પડકારોની ખબર નથી તેમજ છે. તો તેને પહોંચી વળવા માટેની ગંભીરતા નથી. આજે ફ્રીજ, એ.સી જેવા વૈભવી સાધનો સી.એફ.સી તેમજ એચ.સી.એફ.સી માં થતી વધઘટ ને લીધે ઓઝોનનું લેયર પાતળું બનતું જાય છે જે ખુબ ગંભીર બાબત કહી શકાય. કાર્યક્રમમાં ગાંધીનગરના ગ્રીન એમ્બેસેડર તેમજ ચીફ સિવિલ ડીફેન્સ વોર્ડન અને વનશ્રી સંસ્થા સાથે સંકળાયેલા અંજનાબેન નિમાવતે પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. હેપ્પી યુથ ક્લબનાં સમીરભાઈ રામીએ વિદ્યાર્થીઓને પર્યાવરણની જાળવણી માટે યુવાનો કેવી રીતે યોગદાન આપી શકે તે અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું. કોલેજ ના વિદ્યાર્થી હાર્દિક ચુડાસમા તેમજ દિપાલી જોશી દ્વારા બી.બી.એ નાં વિદ્યાર્થીઓ માટે ખુબ ખંત પૂર્વક પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવ્યું હતું. જેને વિદ્યાર્થીઓ દ્વારા ખુબ રૂચી પૂર્વક સાંભળ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ ડો. જયેશ તન્ના તેમજ ઇન્ચાર્જ પ્રો.માર્ગી દેસાઈ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

## સે-૩૦ પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે ખેલ મહાકુંભ- ૨૦૧૬નું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગરપાલિકા વ્યાયામ મંડળ દ્વારા આયોજિત ખેલ મહાકુંભ- ૨૦૧૬નું ઉદ્‌ઘાટન શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સેકટર-૩૦, ખાતે વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોરના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભના




આયોજન દ્વારા રાજયના શ્રેષ્ઠ રમતવીરોને આગળ વધવાની તક મળી છે. રાજયના રમતવીરો વધુ પ્રોત્સાહિત થઈ રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ દેખાવ કરી શકે તેવા પ્રયાસો હાથ ધરીને સ્પોર્ટસ ક્ષેત્રે રાજય સરકાર દ્વારા સુવિધાઓમાં વધારો કર્યો છે. વિવિધ રમતના નિષ્ણાતો દ્વારા રમતવીરોને પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા રમતગમત અધિકારી નરેશભાઈ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચનો કરી રમતવીરોને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે ખેલ મહાકુંભ- ૨૦૧૬ કબડ્ડીની સ્પર્ધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે સ્કુલના ટ્રસ્ટી યુવરાજસિંહ વાઘેલા સહિત વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## એમ.બી. પટેલ અંગ્રેજી માધ્યમ શાળામાં હિન્દી દિવસ ઉજવાયો






ગાંધીનગર, તા.૧૯

એમ.બી. પટેલ અંગ્રેજી માધ્યમ શાળામાં હિન્દી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. હિન્દી દિવસની ઉજવણી નિમિત્તે કાવ્યગાન અને કાર્ડસ મેકિંગ સ્પર્ધા યોજાઈ હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં બચતની ભાવના કેળવાય તે હેતુથી ૫૦થી વધુ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ ખોલાવવામાં પણ આવ્યા હતા. આ દરમિયાન અતુલકુમાર, શ્રી વાસ્તવજી, દિલિપ વાનખેડે, વિકાસ ચાવલા અને મનિષાબેન ત્રિપાઠી સહિતના બેંક અધિકારીએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને નૈતિક મૂલ્યોનું જતન અને વિદ્યાર્થીનું ઘડતર થાય તેવા પુસ્તકોની પેટ આપી હતી તેમજ દરેક વિદ્યાર્થીઓને બેંક તરફથી સર્ટીફિકેટ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શાળામાં યોજાયેલ કાવ્યગાન સ્પર્ધા અને કાર્ડસ મેકિંગ સ્પર્ધામાં ઉત્સાહભેર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાવ્યગાન સ્પર્ધામાં વત્સલ ઓઝા પ્રથમ, નૈસર્ગિ જોષી દ્વિતિય અને મોઈનખાન પઠાણ તૃતીય ક્રમાંકે વિજેતા બન્યા હતા તથા કાર્ડસ મેકિંગ સ્પર્ધામાં હાર્દ પટેલ પ્રથમ, પવન પટેલ દ્વિતિય, સારાહ સૈયદ તૃતીય, સોનમ શાહ ચોથા તેમજ કનિષા લેખડિયા એ પાંચમા ક્રમાંકે વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યુ હતું. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન અને શાળા પરીવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિન્દી શિક્ષિકા ડૉ. વર્ષા પારેખે કર્યું હતું તથા અંતે આભારવિધિ ચિત્રા વ્યાસે કરી હતી.

# ચિલોડા-નરોડા વચ્ચેના માર્ગ પર યમદૂત સમા ખાડાઓ

## આ માર્ગને ચાર માર્ગીય બનાવવાનું તંત્રને મુર્હુત મળતુ નથી, તંત્ર ફકત કાગળ ઉપરના વાઘની ભૂમિકામાં

ગાંધીનગર, તા.૧૯

ચિલોડાથી નરોડા વચ્ચેના ખુબ જ ટુંકા પરંતુ કાળમુખા માર્ગે અત્યાર સુધી અનેક નિર્દોષોનો ભોગ લઈ લીધો છે. રાજય સરકારના મંત્રીએ આ માર્ગને પહોળા કરવા કરેલી કવાયતના ફળદાયી પરિણામ છતાં નકકર કાર્યવાહીનો અભાવ સ્પષ્ટ વર્તાયો છે. વધુમાં આ માર્ગ ઉપર અનેક ઠેકાણે મોટા ખાડા પડી જતા અકસ્માતના સંજોગો વધુ પ્રબળ બન્યા છે. ચાર માર્ગીય બનાવવા માટે તંત્રને હજુ સુધી મુર્હુત જ મળતું નથી અને ફકત કાગળ ઉપરના વાઘની ભૂમિકામાં તંત્ર આવી ગયું છે. જેથી આ માર્ગ ઉપરના ગ્રામજનોમાં આક્રોશ ભભૂકી ઉઠયો છે.

ચિલોડાથી નરોડા વચ્ચેનો ફકત આઠ કિલોમીટર માર્ગ તંત્રની આળશથી વિકસીત બની શકયો નથી. અનેક નિર્દોષોની લાશો આ માર્ગ ઉપર અકસ્માતથી લોહીના ખાબોચિયામાં પડેલી જોયા પછી ગ્રામજનોએ આંદોલનનો માર્ગ અખત્યાર કર્યો હતો. જે પછી રાજયના મંત્રીએ કેન્દ્રમાં કરેલી રજુઆતના ફળદાયી પરીણામ પ્રાપ્ત થયા હતા પરંતુ હજુ સુધી આ માર્ગને ચાર માર્ગીય બનાવવાની કોઈ



નકકર કાર્યવાહી હાથ ધરાઈ નથી. દરમિયાન આ કાળમુખા માર્ગ ઉપર તાજેતરમાં થયેલા વરસાદથી ઠેર ઠેર મોટા મોટા ખાડા પડી ગયા છે. જેથી રાત્રીના અંધકારમાં અજાણ્યા વાહનચાલક પટકાઈ પડવાના બનાવો પણ બનવા લાગ્યા છે.

તંત્ર મુક પ્રેક્ષકની ભૂમિકા ભજવી રહ્યું છે તો બીજી તરફ અનેક નિર્દોષો કાળનો કોળીયો બની રહ્યા છે.જાણવા મળ્યા મુજબ માર્ગની આજુબાજુની જમીનો સંપાદન કરી જમીન માલિકોને વળતર પણ ચુકવાઈ ગયું છે. ત્યારે તંત્ર હવે ગતિશીલ બની લોકોની સુવિધામાં વધારો કરવાની કાર્યવાહી શરૂ કરે તેવી માંગ ઉભી થઈ છે. નેશનલ હાઈવે ગણાતા આ ફકત આઠ કિમી માર્ગ માટે વર્ષોથી મંત્રી, તંત્ર અને ગ્રામજનો જહેમત ઉઠાવી રહ્યા છે છતાં નકકર કાર્યવાહીનો અભાવ જ રહ્યો છે. પ્રધાનમંત્રીના આગમન સમયે રાતોરાત હરકતમાં આવી તંત્ર કોઈની મંજુરી કે અન્ય કાર્યવાહી વગર માર્ગો ઉભા કરી દે છે ત્યારે અબજો રૂપિયાનો વેરો ભરતી પ્રજાને ભગવાન ભરોસે મુકી અન્યાય કરાતો હોવાનો સુર ઉભો થયો છે. ચિલોડા-નરોડા વચ્ચે દૈનિક અસંખ્ય વાહનોની અવરજવર થાય છે ત્યારે આ અત્યંત આવશ્યક જરૂરિયાત ઉપર ભાર મુકાય તેવી માંગ પ્રજાજનોએ કરી છે.

## જયોતિ મહિલા મંડળ દ્વારા વયજૂથ ગરબા સ્પર્ધા યોજાશે

નવરાત્રી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે જયોતિ મહિલા મંડળ ગાંધીનગરના દ્વારા આગામી તા. ૧ ઓકટોબરના રોજ બપોરના ૧.૩૦ કલાકે સે-૨૩ ખીમજી વિસરામ હોલ ખાતે ફરતા વયજૂથ ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ વય જૂથના ફરતા ગરબા યોજાશે. આ ફરતા વયજૂથની ગરબા સ્પર્ધામાં ૫ થી ૧૫ વર્ષ, ૧૬ થી ૨૫ વર્ષ, ૨૬થી ૩૫ વર્ષ ૩૬ થી ૪૫ વર્ષ, ૪૬ થી ૫૫ વર્ષ અને ૫૫ વર્ષથી ઉપરની વયના ગરબા સ્પર્ધકોનો સમાવેશ કરવામાં આવશે તેમજ બેડા ગરબો, માથે ઘડો કે હેલ લઈને પણ ગરબા યોજાશે. વયજૂથ ગરબા સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુકોએ લતાબેન ચોકસી ફોન નં. ૨૩૨૨૦૧૬૦ અથવા કોકિલાબેન નાયક ફોન નં. ૨૩૨૨૮૧૧૩ ઉપર સંપર્ક સાધી પાસ મેળવી લેવાના રહેશે તેમ મંડળના સેક્રેટરી ડૉ. ચેતના બુચે અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. અભિષેક હરીસિંઘ કુરાવાલ, ઉ.વ. ૬
- સ્વ. રવાજી ગોબરજી ચૌહાણ, ઉ.વ. ૭૦
- સ્વ. ક્રિશ રાજેન્દ્ર મકવાણા, ઉ.વ. ૧૨
- સ્વ. પ્રમિલાબેન દિલીપભાઈ કોરી, ઉ.વ. ૩૫